અડવાણીના નિવેદનથી લોકસભામાં ભારે હોબાળો

નવી દિલ્હી, તા.૮

સંસદનું ચોમાસુ સત્ર આજે તોફાની રીતે શરૂ થયુ હતું. પ્રથમ દિવસે જ લોકસભામાં ભારે હોબાળો મચી ગયો હતો. ભાજપના નેતા અડવાણીએ યુપીએ-૨ને ગેરકાયદે ગણાવતા ભારે હોબાળો થયો હતો. આખરે ભારે વિરોધ બાદ અડવાણીને પોતાના શબ્દો પરત લેવા પડ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં પક્ષના સભ્યોએ લોકસભામાં અડવાણીની આ ટિપ્પણી બદલ જોરદાર ટીકા કરી હતી. મોડેથી અડવાણીએ કહ્યું હતું કે તેઓ વર્ષ ૨૦૦૮ના વિશ્વાસ મતની વાત કરી રહ્યા હતા. જેમાં સરકાર બચાવવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા. અડવાણીએ આસામમાં સાંપ્રદાયિક હિંસાના મામલામાં એક દરખાસ્ત પર ચર્ચા વેળા આ મુજબની વાત કરી હતી. આ વિષય ઉપર મોકુફી દરખાસ્ત સ્પીકર મીરા કુમારે સ્વિકારી લીધા બાદ ચર્ચાની શરૂઆત કરતા અડવાણીએ યુપીએ-૨ને નાજાયઝ ગણાવી દેતા હોબાળો શરૂ થઈ ગયો હતો. અડવાણીએ કહ્યું હતું કે મત મેળવવા માટે ક્યારેય પણ કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા નથી. આ અંગે સભ્યોએ આકરી પ્રતિક્રિયા આપી હતી. લોકસભાના નેતા સુશીલકુમાર શિન્દેએ શબ્દો પરત ખેંચાવ અડવાણીને અપીલ કરી હતી. નારાજ સોનિયા ગાંધીએ પણ સ્પષ્ટ પણે આ શબ્દોને પરત

ખેંચવામાં આવે તેમ ઈચ્છતા હતા. શિન્દેએ કહ્યું હતું કે અડવાણી વરિષ્ઠ નેતા છે. અમે તેમનું સન્માન કરીએ છીએ. પરંતુ આજે તેઓએ કહ્યું છે કે ૨૦૦૯ની ચુંટણી અયોગ્ય હતી. તે બાબત અપમાનજનક છે. જેથી અડવાણીએ શબ્દો પાછા ખેંચવા જોઈએ. સ્પીકરે પણ અડવાણીને ઠપકો આપ્યો હતો. અડવાણીએ આખરે કબુલાત કરી હતી કે તેઓ તેમના શબ્દ પાછા ખેંચે છે. હકિકતમાં તેઓ યુપીએ-૧ દરમિયાન મેળવવામાં આવેલા વિશ્વાસ મતની વાત કરી રહ્યા હતા. દરમિયાન આજે સંસદના ચોમાસુ સત્રની તોફાની શરૂઆત થઈ હતી. અડવાણીએ પ્રશ્ન કલાક બાદ આશરે ૧૨.૦૦ વાગે આસામની સ્થિતી અંગે ચર્ચાની શરૂઆત કરતા આ ટિપ્પણી કરી હતી. દરમિયાન રાજ્યસભામાં પણ આસામના મુદ્દે ભારે ધાંધલ ધમાલ થઈ હતી.

કોલસા બ્લોક અંગે કેગ રિપોર્ટ વર્તમાન સત્રમાં રજૂ થશે:ચિદમ્બરમ

નવી દિલ્હી, તા. ૮

નાણાંમંત્રી પી. ચિદમ્બરમે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે કોલસા બ્લોક અંગે કેગનો અહેવાલ વર્તમાન સત્રમાં રજુ કરવામાં આવશે. કોલસા બ્લોકની ફાળવણી અને જીએમઆર સંચાલિત દિલ્હી એરપોર્ટ અંગે કેગના અહેવાલ વર્તમાન સત્રમાં રજુ કરવામાં આવશે. કેગનો અહેવાલ ૧૧મી, ૧૨મી અને ૧૩મી મેના દિવસે નાણાં મંત્રાલયને મળી ગયો હતો. જેથી ૧૪મી મેના દિવસે નાણાં મંત્રાલય સમક્ષ રજુ કરાયો હતો. ચિદમ્બરમે કહ્યું હતું કે રાષ્ટ્રપતિને અહેવાલ મોકલવા અમે મંજુરી આપી હતી. ત્યારબાદ ૧૬મી મેના દિવસે અહેવાલ મોકલી

દેવામાં આવ્યા બાદ ૨૬મી મેના દિવસે રાષ્ટ્રપતિની ઓફિસથી આ અહેવાલ પરત મળ્યો હતો. આ સત્રમાં અહેવાલ રજુ કરવામાં આવશે કે કેમ તે અંગે પુછવામાં આવતા ચિદમ્બરમે કહ્યું હતું કે અહેવાલ ચાલુ સત્રમાં જ રજુ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે લોકસભા અને રાજ્યસભા બંનેને અંમે નોટીસ મોકલી ચુક્યા છીએ અને બંને ગૃહોમાં એક સાથે ટેબલ ઉપર આ અહેવાલ રજુ કરવાની તારીખ નક્કી કરવા સ્પિકર અને ચેરમેનને અપીલ કરી ચુક્યા છે. એક વખતે અમને તારીખ મળી ગયા બાદ ત્રણેય અહેવાલ રજુ કરવામાં આવશે. કોઈપણ વિલંબ કરવામાં આવશે. વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૯ વચ્ચે કોલસા બ્લોક અંગેની ફાળવણી વચ્ચે કેગનો અહેવાલ ભારે ચર્ચાસ્પદ છે. સરકાર ઉપર ગંભીર પ્રકારના આક્ષેપ થઈ ચુક્યા છે. કોલસા ફાળવણી અંગે કેગના મુસદ્દા અહેવાલ અંગે પણ ભારે હોબાળો થયો હતો. અહેવાલમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ખાનગી કંપનીઓને મળેલા લાભની રકમ નક્કી થશે. આ અગાઉ આ મામલામાં ૧.૮ લાખ કરોડની રકમનો લાભ ખાનગી કંપનીઓને આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

લોસ એન્જલસમાં ભુકંપના આંચકાથી લોકોમાં દહેશત

લોસએન્જલસ, તા.૮

અમેરિકાના લોસએન્જલસ વિસ્તારમાં ૪.૪ની તીવ્રતાનો ભુકંપનો આંચકો અનુભવાયો હોવાના અહેવાલ મળ્યા છે. આ ભુકંપના કારણે લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. અમેરિકાના ભુકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે સ્થાનિક સમય મુજબ ૧૧.૨૩ મુજબ વાગ્યે આ આંચકો અનુભવાયો હતો. લોસએન્જલસથી આશરે ૩૫ માઈલ અથવા તો થોડાક અંતરે સ્થિત ઓરેન્જ કાઉન્ટીમાં આ આંચકો અનુભવાયો હતો. આ આંચકાનો અનુભવ સમગ્ર વિસ્તારમાં થયો હતો. એક મિનિટથી પણ ઓછા સમય સુધી આ આંચકો અનુભવાયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડના અધિકારીએ કહ્યું છે કે ઓરેન્જ કાઉન્ટીમાં ભુકંપના હળવા આંચકાના કારણે કોઈપણ પ્રકાનું નુકસાન થયું નથી. અમેરિકામાં પણ તાજેતરના વર્ષોમાં ભુકંપના હળવા આંચકા નોંધાયા છે. જેના કારણે લોકોમાં દહેશત રહી છે. જો કે આ આંચકાઓના કારણે કોઈપણ પ્રકારનું નુકશાન થયું નથી.

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ

લખનૌ,તા.૮

ઉત્તર પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ જારી રહ્યો છે જેના કારણે જનજીવનને અસર થઈ છે. ઉત્તર પ્રદેશમાં સાતથી વધુ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સપાટીથી ઉપર પહોંચી ગઈ છે. કાકરાહીમાં બુરહી રાપતી નદી, પાલિયા કાલનમાં શ્રદ્ધા નદી, ઈલજીન બ્રીજમાં અન્ય એક નદી તથા બલરામપુરમાં રાપતી નદીમાં પાણીની સપાટી ભયજનક સપાટીથી ઉપર પહોંચી ગઈ છે. વારાણસીમાં ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. સેન્ટ્રલ વોટર કમીશનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તર પ્રદેશના સિંચાઈ પ્રધાન શિવપાલ યાદવે કહ્યું છે કે પૂર માટે પડોશી નેપાળ જવાબદાર છે. શિવપાલ યાદવે મંગળવારના દિવસે પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. જનજીવનને માઠી અસર થઈ છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી

ભરાઈ ગયા છે જેથી લોકોને સુરક્ષિત સ્થળોએ જવાની ફરજ પડી છે.

યાદવનું કહેવું છે કે નેપાળ દ્વારા બુરહી, રાપતી, બાણગંગા, ઘોઘી નદીમાં પાણી છોડવામાં આવતા આ સ્થિતિ સર્જાઈ છે જેના કારણે નોગઢ, બાંછી, સૌરઠગઢ અને ઈટાવા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. વારાણસીમાં મોટાભાગે ઘાતમાં પાણી ફરી વળ્યા છે. નદીઓમાં પાણીની સપાટી હજુ પણ વધે તેવી શક્યતા છે. હવામાન ખાતાએ કહ્યું છે કે બુધવાર અને ગુરુવારના દિવસે વધુ વરસાદ થશે. સરકારે કહ્યું છે કે ફેઝાબાદમાં ઘાઘરા નદીમાં પાણીની સપાટી ૯૩.૧૪ મીટર ઉપર છે. જ્યારે બારાબંકીમાં પાણીની સપાટી ૧૦૬.૨૬ મીટર છે જે ખતરનાક સપાટીથી વધુ છે.

આવી જ રીતે બલરામપુરમાં રાફ્તી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. બુલંદ શહેરમાં નરોડામાં ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. કુશીનગર અને ગોરખપુરમાં ઘણા ગામો પાણીમાં ડૂબી ગયા છે. વહીવટી તંત્ર દ્વારા આ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે.

રજત ચંદ્રક વિજેતા વિજય કુમારનું ભવ્ય સ્વાગત થયું

નવી દિલ્હી,તા.૮

લંડન ઓલિમ્પિક્સમાં તાજેતરમાં જ રજત ચંદ્રક જીતનાર સુબેદાર વિજયકુમારનું આજે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પાટનગર દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરાષ્ટ્રીય વિમાની મથકે આવી પહોંચ્યા બાદ ભારતીય સેના દ્વારા વિજય કુમારનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બઢતી આપવાનો ઈન્કાર કર્યા બાદ વિજય કુમારે હાલમાં જ નોકરી છોડી દેવાની ધમકી આપી હતી. પરંતુ આજે સવારે દિલ્હી પહોંચ્યા બાદ વિજય કુમારનું પરંપરાગત રીતે શાનદાર્ સ્વાગત થયું હતું. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે આવી પહોંચ્યા બાદ વિજય કુમારને સીધા ખુલ્લી જીપ્સીમાં આર્મી હેડ ક્વાટર્સ ખાતે લઈ જવામાં આવ્યા હતા. વિજય કુમારે પોતાની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે સેના દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યું છે. આ પ્રકારનું સ્વાગત તેનું પ્રથમ વખત થયું છે. તાજેતરના જ લંડન ઓલિમ્પિક્સમાં ૨૫ મીટર રેપીડ ફાયર પિસ્તોલમાં વિજય કુમારે રજત જીતવામાં સફળતા મેળવી હતી. ઓલિમ્પિક્સમાં ભારતે હજુ સુધી માત્ર એક જ રજત જીત્યો છે. સાયના નહેવાલ કાસ્ય ચંદ્રક જીતી શકી છે.

વિજય કુમાર આવી પહોંચ્યા ત્યારે રાષ્ટ્રીય ધૂન વગાડવામાં આવી હતી. અગાઉ આજે સવારે લુફ્થાન્સાની ફ્લાઈટ મારફતે વિજય કુમાર દિલ્હી પહોંચ્યો

હતો. મેડલ જીત્યા બાદ વિજય કુમારે સ્પષ્ટતા કરી હતી કે તે ખૂબ જ નાખુશ છે. કારણ કે છેલ્લા છ વર્ષમાં એક પણ વખત બઢતી આપવામાં આવી નથી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર ઘણી રમતગમતની સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હોવા છતાં એક પણ વખત બઢતી મળી નથી. રમત ગમત પ્રધાન અજય માકેંડે કહ્યું છે કે તેઓ સરંક્ષણ મંત્રી એન્ટોની સમક્ષ પત્ર લખીને રજૂઆત કરી ચૂક્યા છે. ભારતને ગર્વ અપાવનાર એથલેટ માટે વિચારણા કરવા એન્ટોનીને અપીલ કરવામાં આવ્યા બાદ આગામી દિવસોમાં વિજય કુમારને બઢતી મળે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. વિજય કુમારે ઓલિમ્પિક્સમાં રજત ચંદ્રક જીત્યા બાદ હવે સરકાર ઉપર પણ દબાણ વધ્યું છે.

ભક્તોએ ભગવાનના...

● બીજા પાનાનું અનુસંધાન

હજાર કમળની અર્ચનાનો સંકલ્પ કરતા હતા માટે ઓછું ચાલે નહિ. વધારે લાવીએ તો શું થાય - વધારે કમળ ચૂટી લાવીએ તો ભગવાનના ચરણમાં ન ચઢે તો પુષ્પનું જીવન બરબાદ થાય માટે દોષ લાગે. પુષ્પને જરૂર સિવાય ચૂંટવા જોઈએ નહિં. પુષ્પ જ્યાં છે ત્યાં પ્રભુને સમર્પિત છે. બે ત્રણ દિવસનું પુષ્પનું જીવન પણ અગત્યનું છે. આપણે ભાવ- પૂજા માટે પુષ્પને તેના સ્થાન ઉપરથી લઈએ છીએ તે પ્રભુના ઉપયોગ માટે લઈએ છીએ એટલે વાંધો નથી.

બીજુ એક વખત સંકલ્પ કર્યા પછી બેસીએ ત્યાંથી આસન ભંગ પણ કરાય નહિં. આથી ભગવાન ઉભા થઈ કમળ લેવા જતા નથી.

ભક્તિમાં અનેક વિઘ્નો આવે પણ તેનાથી ડરી પીછેહઠ કરાય નહીં. ભગવાનની પૂજા- જપ- તપ -વાંચન- સત્સંગમાં પીછેહઠ ન કરવી. કદાચ ભગવાન વિઘ્ન નાખતો હોય તો એનો અર્થ હું તેમની નજરમાં છું. પ્રભુ મારી ભક્તિ- શ્રધ્ધાની નોંધ લે છે. વ્યવહારિક કાર્યમાં વિઘ્ન આવે તો પણ તેને આપણે પૂર્ણ કરીએ છીએ. તો થોડું કષ્ટ ભોગવીને પણ નિયમ પાલન કરીએ.

પ્રભુ જાણે છે ભક્ત કેવો છે ભક્તિના માર્ગમાં ઉત્સાહ આવવો જોઈએ. ભકત ડરતો નથી. સાચા ભકતને વિઘ્ન પીછેહઠ કરાવી શકતા નથી. ભકતની ભક્તિનો મહિમા વધારવા માટે પણ ભગવાન વિઘ્ન નાખે છે. નરસિંહ મહેતા અને મીરાંના જીવનમાં વિઘ્ન ન આવ્યા હોત તો આપણે યાદ કરતા ન હતા. આમ ભકતનો મહિમા પણ વધારે છે.

શ્લોક - ૨૦

ભગવાન કર્મફળ દાતા છે. ભકતને યોગ્ય ફળ અને દુર્જનને દંડ પણ પ્રદાન કરે છે. આ શ્લોકમાં કર્મફળ દાતૃત્વ બતાવે છે. કર્મ અને કર્મફળ અંગે અનેક મતો આપવામાં આવ્યા છે.

એકમત એવો છે કે, કર્મ કરવાથી કર્મ જ કર્મ કરનારને ફળ આપે છે. ઈશ્વરને વચ્ચે લાવવાની જરૂર નથી.

કેટલાક કર્મફળદાતા ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે.

મિમાંસકો કહે છે કે, - કર્મ કરીએ ત્યારે એક અપૂર્વ (દૃષ્ટ્ર- અદષ્ટ્ર) ઉત્પન્ન થાય છે. જ્યારે કર્તાને ફળ મળી જાય ત્યારે તેનો નાશ થાય છે.

ઈશ્વર કર્મ કર્યા સિવાય ફળ આપી દે છે. એવું પણ કરી શકાય નહિ. કેટલાક કર્મો આજે કરીએ અને વર્ષો પછી ફળ મળે છે તો તેની નોંધ સાવનાર ઈશ્વરનો સ્વીકાર કરવો જ પડે છે.

મહાકર્તા ઈશ્વરથી જ કર્મફળ પ્રાપ્ત થાય છે. અલ્પજ્ઞ એવા જીવથી આ કાર્ય થઈ શકે નહિ. આથી સર્વજ્ઞ એવા ઈશ્વર જે બધાના કર્મો અને કર્મફળ કોને ક્યારે કેવા સ્વરૂપે આપવું તે દેશ- કાળ અને વસ્તુ સ્થિતિને આધારે નક્કી કરી આપે છે. યથા યોગ્ય રીતે જ બધાને મળે છે. સદભાવથી કરેલ કર્મ અને અન્ય ભાવ રાખી કરેલ કર્મનું ફળ અલગ મળે છે. માત્ર મનુષ્યના જ નહિ પણ સર્વ યોનિના જીવ-જંતુ-પશુ-પક્ષી, બધાના કર્મને પ્રભુ જાણે છે. મનુષ્યના કર્મો જોઈ તેનો આગળનો જન્મ નિશ્ચિત થાય છે. હું જગતને છેતરી શકું પણ સર્વ વ્યાપક, સર્વની સર્વશક્તિમાન ઈશ્વરને છેતરી શકું નહિ. એવો કર્મફળદાતા પ્રભુને પુષ્પદંતજી આ શ્લોકથી સિધ્ધ કરે છે.

દરેક કર્મ પ્રભુ જોઈ રહ્યા છે તેવો ભાવ રાખીને કર્મ કરીએ. પ્રભુ મારા કર્મની નોંધ લઈ રહ્યા છે. તેવો અંતરનો ભાગ રાખીને કરીએ. સર્વ શ્રદ્ધાળુ બધાને ફળ આપનાર પ્રભુ જ છે.

વિલાસરાવ દેશમુખની હાલત હજુ ગંભીર : ચકાસણી હેઠળ

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌવ્હાણ અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર આજે ચૈન્નઈ પહોંચ્યા હતા અને તેઓએ કેન્દ્રિય મંત્રી વિલાસરાવ દેશમુખની તબિયત અંગે માહિતી મેળવી હતી. દેશમુખની હાલત ચૈન્નઈની ખાનગી હોસ્પિટલમાં હજુ પણ ગંભીર બનેલી છે. ફેફસા સાથે સંબંધિત માંદગી માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેઓ સતત ગંભીર હાલતમાં છે. ચૈવ્હાણ અને પવાર રાજ્ય કેબિનેટની બેઠક બાદ તરત રવાના થઈ ગયા હતા. ૬૭ વર્ષીય દેશમુખ હાલ સતત સારવાર હેઠળ છે. બીજીબાજુ દેશમુખના વતન શહેર લાતુરના વિશેષ પ્રાર્થના યોજાઈ હતી. દેશમુખ વહેલી તકે સ્વસ્થ થાય તે માટે આ પ્રાર્થના યોજાઈ હતી. દેશમુખ ગંભીર પ્રકારની લિવરની તકલીફ અને મલ્ટીપલ ઓરગન ફેલિયોરથી ગ્રસ્ત થયેલા છે. મુંબઈના એક તબીબે કહ્યું છે કે આશરે એક વર્ષ અગાઉ રૂટિન મેડીકલ ચકાસણી દરમિયાન તેમના લિવરમાં ખરાબી હોવાની બાબત જાણવા મળી હતી. ત્યારબાદથી તેમના પરિવારના સભ્યો સતત ચકાસણી કરાવી રહ્યા છે. પરિવારના સભ્યો નવી દિલ્હી અથવા ચેન્નાઈ અથવા તો વિદેશમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ સહિત તમામ વિકલ્પો ચકાસી રહ્યા છે. એવા સમાચાર પણ મળ્યા છે કે દેશમુખ બેથી ત્રણ વખત ચકાસણી માટે વિદેશ જઈ ચૂક્યા છે પરંતુ તેમની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી. એક સપ્તાહ અગાઉ વિલાસરાવ દેશમુખની તબિયત વધુ ખરાબ થઈ ગઈ હતી અને તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની બંને કિડની સંપૂર્ણપણે નિષ્ક્રિય થઈ ચૂકી છે અને કામ કરી રહી નથી.

બ્રીચ કેન્ડીમાં ત્રણ દિવસ સુધી તેમને ડાયાલિસીસ ઉપર રાખવામાં આવ્યા હતા. ૬૭ વર્ષીય મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રીને જાણીતા લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન મોહમંદ રેલાની સાવચેતી હેઠળ સારવાર માટે ચેન્નાઈ ખસેડવામાં આવ્યા હતા. હાલમાં તેઓ વેન્ટીલેટર ઉપર છે.

રિઅલ વ્યૂ

● બીજા પાનાનું અનુસંધાન

કલાકારો અને પ્રેક્ષકોને સેતૂ વધુ મજબૂત બન્યો અને બંને સાઈડ વાહ વાહ થવાં લાગી...

'દિલ એક મંદિર' નું 'યાદ ના જાયેં બિતે દિનો કીં' ગીત ૬૪ વર્ષીય બિપીનભાઈ વેદ્યે ગાયું, ૧૯૫૬ નાં 'નયાં અંદાજ'નું 'મેરી નીંદો મેં તુમ, મેરે ખ્વાબો મેં તુમ, હો ચૂકે હમ તુમ્હારી નિગાહો મેં તુમ' ૬૩ વર્ષીય અનિલભાઈ ધોળકીયાએ તો એની પૂર્તતાની કડી 'મનકી બીના મેં તુમ' ગાઈ ૬૯ વર્ષનાં શોભતા વ્હોરાએ મધુરો સાથ પુરાવ્યો... હેમંત કુમારનું સદાબહાર ગીત 'યાદ કીયા દિલને કહાં હો તુમ ઝુમતી બહાર હો કહાં હો તુમ, પ્યાર સે પૂકાર લો જહાં હો તુમ' નવીનભાઈ પટેલે એમનો ૬૯ વર્ષની ઉંમરેય અસ્સલ હેમંતના અવાજનો અનુભવ કરાવી દીધો... લક્ષ્મી-પ્યારેનું એમનું મનગમતું 'પારસમણિ' ફિલ્મનું પારસમણી સાબિત થયેલું 'હસતાં હુઆ નુરાની ચહેરા, કાલી ઝુલ્ફે રંગ સુનહરા' ગીતમાં બોંગો-કોંગો અને તબલચીઓએ જમાવટ કરી દીધી...

ફુગ્ગાવાળી હેરસ્ટાઈલ દેવાનંદનું 'યહ અપના દિલ તો આવારા, ના જાને કિસપે આયેગાં' ગીતમાં એમનું વગાડેલું 'માઉથ ઑર્ગન' કિ-બોર્ડ પ્લેયરે હુબહુ વગાડ્યું... 'રંગ ઔર નૂર કી બારાત કીલે પેશ કરૂં', 'જોઈએ આપ કહાં જાયેગી, યે નજર લૌટ કે ફીર આયેગી' જેવાં એક બાદ એક સોનાની લગડી જેવાં ગીતો આવવાં લાગ્યાં... સંગીત એરેન્જર અનિલભાઈ ધોળકીયાએ કીધું કે આપણે કિશોરકુમારની રજકણ સુધી પહોંચી શકીએ તોય ઘણું એમ સમજીશું કહીને 'જિંદકી કા સફર હૈ, યે કૈસા સફર કોઈ સમજા નહીં, કોઈ જાના નહીં.' ગાયુ... હેમંત-લતાનું બીજું એક મસ્ત ડ્યુએટ 'તુમ્હેં યાદ હોંગા કભી હમ મીલે થે, મોહબ્બત કી રાહોં મેં મિલકે ચલે થે' જેવા મધુરા ગીતોએ જમાવટ કરી...

૪-૮-૧૨ એટલે કે આ તારીખે કાર્યક્રમ હતો અને એને સાર્થક કરતાં દર કલાકે આ કાર્યક્રમનો ટેસ્ટ બેવડાતો ગયો, છેલ્લાં તબક્કામાં કાર્યક્રમને ઊંચાઈ બક્ષવામાં ૮૦ વર્ષનાં ધીરૂભાઈ દેસાઈએ સી.એચ. આત્માનું ગીત 'પ્રિતમ આન મિલો' ગાયું અને તરત જ સાયગલનાં પડછાયામાં ગવાયેલું મુકેશનું 'આંસુના બહા, ફરિયાદ ન કર દિલ જલતા હૈ તો જલને દે' ગાઈ આ ઉંમરેય કાર્યક્રમનો ભાર ઉપાડી લીધો... અનમોલ ઘડી ફિલ્મનું 'આવાજ દેં કહાં હૈં, દુનિયા મેરી જવાં હૈ' શમશાદ બેગમ - સુરેન્દ્રનાં અવાજનો દર્દ જતાવ્યો... 'દિવાને ખાસ' બનાવેલાં આ કાર્યક્રમમાં રફીનાં ગીતો ગાતાં બિપીનભાઈ વેદ્યે ૧૯૭૮ ની શ્રેષ્ઠ ગાયકની સ્પર્ધામાં ૮૦ સ્પર્ધકો વચ્ચે કોહિનુરનું 'મધુબન મેં રાધીકા નાચી રે' ગાઈને ઈસ્માઈલ દરબારના પિતાના જજના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલો...

ગાઈડનું 'પિયા તોસે નૈના લાગે રે' ગીત પર ઑરકેષ્ટ્રાએ રંગ રાખ્યો અને એ ટીમમાં કિ-બોર્ડ પર જીતેન વૈષ્ણવ, ટી.વી. આર્ટીસ્ટ કૈલાસ બુધોરી, ગીટાર - દિનેશ પિલ્લાઈ, ઑક્ટોપેડ - નિલેશ રાઠોડ 'પીન્ટુ', કોંગો-ડ્રમ-ઢોલર પર નિતીન ઠાકર અને તબલાં પર જીજ્ઞેશ રાવ જેવાં સંનિષ્ઠ કલાકારોએ પુરી ટીમ સાથે આ આખો કાર્યક્રમનું બે વાર રિહલસર કરી ફીનીશ પ્રોડકટ આજે રજુ કરી હતી...

'અય મેરે દિલ કહીં ઔર ચલ, ગમ કી દુનિયા સે દિલ ભર ગયાં.', 'વોં જબ યાદ આયેં, બહોત યાદ આયે.' 'જવાં હૈ મુહબ્બત હસી હૈ જમાના લૂંટાયા હૈ, દિલને ખુશીકા ખજાના' અને 'મિલતે હીં આંખો દિલ હુઆ દિવાના કિસીકા, અફસાના મેરા બન ગયાં કાર્યક્રમ એના મુકામ તરફ અગ્રેસર હતો અને છેલ્લે 'જીવન કે સફરમેં રાહી, મીલતે હૈ બીખર જાને કો, ઔર દે જાતે હૈ યાદેં, તન્હામેં તડપાને કોં' કિશોરનું ગીત ગાઈ જૂના સદાબહાર ગીતોને વધુ યાદભર્યાં બનાવી દીધાં... કાર્યક્રમની આભાર વિધીમાં જયરાજસિંહ સયવૈયાએ 'આખો હૉલ મિઠાશથી ભરી દધો કહી કલાકારો અને પ્રેક્ષકોને એમની શુગર ચેક કરાવા કીધું કે બધાનું શુગર વધ્યું જ હશે. શ્રોતાઓને સલામ કરી કાર્યક્રમ સમાપ્ત થઈ ગયો... સુંદર ગીતો, અનોખી રજૂઆત અને સ્વીટ ૬૦ નો કન્સેપ્ટ બધાંને ખુબ પસંદ પડ્યો અને આ બધાંમાં કાર્યક્રમમાં સંચાલનનાં નેહલ ગઢવીના સુંદર શેર અને સૌમ્ય રજૂઆત દૂધમાં સાકરની જેમ ભળી ગઈ...'કલાગુર્જરી' નો જોખમી નવતર પ્રયોગ અંતે તો સૌનો વ્હાલો અને હેતાળ કાર્યક્રમ સાબિત થયો...

કેફિયત કલા સાધકની

● બીજા પાનાનું અનુસંધાન

રાજ્ય યુવક મહોત્સવમાં શ્રી હસમુખ મેકવાન દિગ્દર્શિત સંકેત નાટકમાં મજબૂત મનોબળ ધરાવતા નિવૃત્ત અધિકારીની અને ઉપલો માળ ખાલી છે (માહિતી ખાતા દ્વારા પુરસ્કૃત)માં રામુની ભૂમિકા ભજવીને ખૂબ પ્રશંસા પ્રાપ્ત કરી અને આ નાટક ગાંધીનગર શહેર તથા જિલ્લાના દસ જેટલા ગામોમાં ભજવીને રંગભૂમિ પર ધૂમ મચાવી.

અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધામાં પણ ગુજરાત તરફથી શિરીષભાઈનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. શ્રી સુરેશ પારઘી દિગ્દર્શિત નાટક આ છે કારણમાં કેદીની ભૂમિકા ભજવીને નાગપુર ખાતે લોકોની વાહ વાહ પ્રાપ્ત કરી હતી. શિરીષભાઈના અભિનયની ખૂબી તેઓ જે રીતે પાત્રમાં ઓતપ્રોત થઈને ભજવે છે તેમાં રહેલી છે. આના કારણે જ તેમણે જેટલાં પાત્રો ભજવ્યાં છે તે લોકોના માનસપટ પર છવાઈને યાદગાર બની ગયાં છે.

રંગભૂમિ પર વિવિધ અને યાદગાર ભૂમિકાઓ ભજવવાની સાથે સાથે શિરીષભાઈએ ટેલીવિઝન પર પણ અભિનયનાં અજવાળાં પાથર્યાં છે. એ. વિનોદરાય દિગ્દર્શિત આઘાત શ્રેણીમાં અને પ્રકાશ લાલા દિગ્દર્શિત રેલની ટિકીટ ટીવી નાટકમાં પણ તેમનું પાત્ર ખૂબ વખણાયું છે. શ્રી ગિરીશ ઉપાધ્યાય દિગ્દર્શિત ટીવી શ્રેણી સંત રોહિદાસમાં પણ શિરીષભાઈએ અગત્યની ભૂમિકા ભજવી છે.

શિરીષભાઈએ ગુજરાતના સ્વર્ણિમ વર્ષ નિમિત્તે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત મેગા નૃત્ય નાટિકા 'જય જય ગરવી ગુજરાત'માં પણ અભિનય આપ્યો છે.

છેલ્લાં વર્ષોમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી પુરસ્કૃત યોજના અંતર્ગત (૨૦૦૯-૧૦), શ્રી રમેશ પારેખ લિખિત, શ્રી સુરેશ પારઘી દિગ્દર્શિત નાટક સુરજને પડછાયો હોયમાં વેજા ભગતનું પાત્ર ભજવીને શિરીષભાઈ નાટ્યભૂમિ પર છવાઈ ગયા. અંધ વેજા ભગતની વેદના જોઈને લોકોની આંખો છલકાઈ જતી. આ નાટકના પાંચ શો થયા બાદ આ જ નાટક હિનાબેન ઉપાધ્યાયના દિગ્દર્શનમાં પણ રજૂ થયું અને અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીની સરાહના અને પ્રેક્ષકોને ચાહના સાથે શિરીષભાઈએ નાટ્યક્ષેત્ર પર સામ્રાજ્ય જમાવી દીધું. ૨૦૧૧-૧૨ના વર્ષમાં શ્રી ચિનુ મોદી લિખિત અને પ્રવીણદાન ગઢવી દિગ્દર્શિત નાટક ઢોલીડોમાં પાંચ દીકરીઓના બાપનું અતિ સંવેદનશીલ પાત્ર ભજવ્યું જેમાં શિરીષભાઈનો અભિનય કાબિલે દાદ રહ્યો. આ નાટકના પણ પાંચ સફળ પ્રયોગ થયા છે.

૨૦૧૧માં નિવૃત્ત થયેલા શિરીષભાઈ પત્ની રેણુકાબેન, પુત્રીઓ રિષ્ચિ (એમકોમ) અને કિંજલ (સીએ) અને જમાઈઓ સાથે સ્વસ્થ અને મોજીલું જીવન જીવે છે. પરંપરાગત પ્રાપ્ત થયેલા સંસ્કારોના કારણે કર્મકાંડ, ધાર્મિક વિધિઓ શિરીષભાઈ કરાવે છે.

શિરીષભાઈએ તેમની કારકિર્દી દરમ્યાન કૉમેડી રોલ ભજવ્યા ન હોવાથી તક મળે તો કૉમેડી રોલ ભજવવાની અને અભિનય ક્ષેત્રે વધુ આગળ ધપવાની તેઓ મહેચ્છા ધરાવે છે. શિરીષભાઈને અનેક શુભેચ્છાઓ...

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

**આવા લક્ષણઓની જાણ થતાં સામાન્યતઃ 'એન્જીયોગ્રાફી'ની પ્રક્રિયામાંથી પસાર થવાથી રક્તવાહિનીના અવરોધ અંગે નિદાન જાણી શકાય છે. તથા એન્જીયોપ્લાસ્ટી જેવી સર્જરી કરાવીને તે અવરોધયુક્ત ભાગની જગ્યાએ 'ડાયવર્ઝન' મુકી, રક્તપ્રવાહને પૂર્વવત કરી શકાય છે, આ ચિકિત્સાને સફળતા મળી છે, પરંતુ આના કારણે સંપૂર્ણતયા સ્વસ્થ થવાની ગેરંટી નથી. કાલે સવારે બીજી ઘમની 'બ્લોક'